અનુસૂચિત જાતિના સંબંધિત ઈસમોના શાળા
છોડયાના પ્રમાણપત્રમાં અગરતો રેવન્યુ રેકર્ડમાં
જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય તો
પણ સંબંધિત ઈસમોની માંગણી મુજબ અનુસૂચિત
જાતિ 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' એ
પ્રમાણે જાતિ પ્રમાણપત્રો આપવા બાબત.

ગુજરાત સરકાર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક : અજસ/ ૧૦૯૩ / સુ.મં.૬૦ / છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :–૬–૮–૨૦૦૧.

<u>વંચાણે લીધા.</u>

૧. સમાજ કલ્યાણ વિભાગનો તારીખ.૫–૯–૧૯૯૮ ના પરિપત્ર ક્રમાંકઃ– અજસ–૧૦૯૩– સુ.મં.૬૦–છ.

૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તારીખ. ૨–૭–૨૦૦૧ નો પત્ર ક્રમાંકઃ અજાક –મ.૩–૨૦૦૧–૧૬૭૩.

<u>પ્રસ્તાવના :</u>

સરકાર હસ્તકની તમામ વહીવટી કચેરીઓ ( બોર્ડ / કોર્પોરેશન / નિગમો સહિત), શાળા /
કોલેજો (સરકારી તેમજ બીન સરકારી), યુનિવર્સિટીઓ, ગ્રામ પંચાયત, મહેસુલી વગેરેના રેકર્ડમાં
જયાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં તેના સ્થાને 'વાલ્મિકી' અગરતો 'રૂખી' શબ્દનો ઉલ્લેખ કરવાની
સુચનાઓ વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના (હાલમાં નવું નામઃ સામાજીક ન્યાય અને
અધિકારીતા વિભાગ) તા.૫–૯–૧૯૯૮ના પરિપત્રથી આપવામાં આવેલ છે. આમ છતાં શાળાના
રેકર્ડમાં / પંચાયતના રેકર્ડમાં અગરતો મહેસુલી રેકર્ડમાં ઉપર જણાવ્યા મુજબનો સુધારો સંબંધિત
કચેરીઓ/સંસ્થાઓ દ્વારા નહી કરવાથી શાળા છોડયાનું પ્રમાણપત્ર, મહેસુલી રેકર્ડનો દાખલો વગેરે
'ભંગી' અટકના ઉલ્લેખથી આપવામાં આવતા હોય છે. પ્રસ્તુત બાબતમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે
સંબંધિત ઈસમના શાળા છોડયાના પ્રમાણપત્ર/રેવન્યુ રેકર્ડમાં 'ભંગી' શબ્દ હોવા છતાં જાતિ પ્રમાણપત્ર
આપનાર સંબંધિત અધિકારીશ્રીઓને સંબંધિત ઈસમો તરફથી જાતિ પ્રમાણપત્ર અનુસૂચિત જાતિ
'વાલ્મિકી' તરીકે આપવા રજુઆત થયેલ છે. પરંતુ શાળા છોડયાના પ્રમાણપત્રમાં / રેવન્યુ રેકર્ડમાં
જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય જાતિ પ્રમાણપત્ર આપનાર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓ
દ્વારા સંબંધિત ઈસમને અનુસૂચિત જાતિ 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' તરીકેનું જાતિ
પ્રમાણપત્ર આપવું કે કેમ તે બાબતમાં દ્વિધા અનુભવે છે અને વિભાગની વડી કચેરી પાસે માર્ગદર્શન
માગવામાં આવે છે.

૨. પ્રસ્તુત બાબતમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે આમુખમાં ક્રમાંકઃ ૨ આગળ જણાવેલ
તારીખ. ૨–૭–૨૦૦૧ ના પત્રથી એવો અભિપ્રાય આપેલ છે કે સંબંધિત ઈસમોએ વંચાણમાં લીધેલ
સમાજ કલ્યાણ વિભાગના તા. ૫–૯–૯૮ ના પરિપત્રની જાણકારી ના અભાવે શાળા છોડતા પહેલાં
શાળાના રેકર્ડમાં અગરતો મહેસુલી રેકર્ડમાં કે અન્ય સરકારી રેકર્ડમાં 'ભંગી' શબ્દના સ્થાને 'વાલ્મિકી'
અગરતો 'રૂખી' એવો સુધારો કરાવેલ હોતો નથી. આ ઉપરાંત સંબંધિત સરકારી કચેરી / સંસ્થા /
શાળા / ગ્રામ પંચાયત વગેરે એ વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના તા. ૫–૯–૯૮ ના
પરિપત્રની જાણકારીના અભાવે કે સંબંધિત ઈસમોના જાતિના કોલમમાં ઉપર જણાવ્યા મુજબ સુધારો
કરેલ ન હોય તો તેવા કિસ્સામાં જે તે ઈસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં / મહેસુલી રેકર્ડમાં / અન્ય
સરકારી રેકર્ડમાં જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય તો પણ 'ભંગી' શબ્દના પર્યાયરૂપ
શબ્દો 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' એ પ્રમાણે જાતિ પ્રમાણપત્ર આપવું ઉચિત છે.

૩. કેન્દ્ર સરકારના અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ ( સુધારા ) અધિનિયમ ૧૯૭૬ હેઠળ
બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંકઃ ૫ સામે 'ભંગી' શબ્દના
પર્યાય રૂપ શબ્દ તરીકે જાતિઓ / પેટા જાતિ / પર્યાય શબ્દો દર્શાવેલ છે તેમાં 'વાલ્મિકી' અને 'રૂખી'

પાછળ...

શબ્દનો પણ ઉલ્લેખ છે તેથી તેને ધ્યાને લેતાં તેમજ મળેલ રજૂઆત, તથા વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના તારીખ. ૫–૯–૯૮ ના પરિપત્રથી બહાર પાડેલ સૂચનાઓ ધ્યાને લઈને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના, ઉપર ફકરા ૨ માં જણાવેલ, તારીખ. ૨–૭–૨૦૦૧ ના પત્રમાં જણાવ્યા મુજબ ઉપર જણાવેલ કિસ્સાઓમાં જાતિ પ્રમાણપત્ર આપવા કરેલ દરખાસ્ત અંગે જરૂરી સૂચનાઓ બહાર પાડવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પ્રસ્તુત બાબતે કાળજીભરી વિચારણાના અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે સંબંધિત ઈસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અગરતો મહેસૂલી રેકર્ડમાં / પંચાયતના રેકર્ડમાં / અન્ય સરકારી રેકર્ડમાં 'ભંગી' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય તો પણ સંબંધિત ઈસમો અનુસૂચિત જાતિ 'વાલ્મિકી' તરીકેનું અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' તરીકેનું જાતિ પ્રમાણપત્ર મેળવવા માગે તો જાતિ પ્રમાણપત્ર આપનાર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓએ 'ભંગી' શબ્દના પર્યાય શબ્દ તરીકે 'વાલ્મિકી' અગરતો 'રૂખી' ગણીને તે પ્રમાણે તેમની માગણી મુજબનું જાતિ પ્રમાણપત્ર આપવું તથા મળવાપાત્ર લાભો આપવા.

૨. આ ઠરાવના અમલ અંગે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ સંબંધિત સર્વેને ઘટતી કાર્યવાહી કરવાની સૂચના આપવાની આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

( વિ. એમ. પરમાર )
નાયબ સચિવ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(સંબંધિત સર્વેને જરૂરી સૂચના પાઠવવાની વિનંતી છે. )
તમામ જિલ્લા કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત )
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતા / કચેરીઓના વડાઓ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ બોર્ડ / કોર્પોરેશન.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
સિલેકટ ફાઈલ.

---

* પત્ર દ્વારા